સંપાદકીય

## વહી રહી આગળ કાવ્યઘોષા...

-યોગેશ જોશી

ઉમાશંકર જોશી તથા પ્રહ્લાદ પારેખ વિશે શતાબ્દી નિમિત્તે ‘પરબ’ના કાવ્યાસ્વાદ વિશેષાંક કર્યા હતા. લાભશંકર ઠાકરને અંજલિ રૂપે હવે આ કાવ્યાસ્વાદ વિશેષાંક. લાઠાને અંજલિ... લખતાં જ જાણે કાને પડે છે લાઠાનો અવાજ, અરૂઢ ગીતની પંક્તિઓ...

‘ઠાકરની આંખમાં ઠળિયા રે જણ જીવો જી. હૈયાના ખાલીખમ ફળિયાં રે જણ જીવો જી.

ભડભડ ચેહમાં બાળિયા રે જણ જીવો જી, અમથાં અલખ અજવાળિયાં રે જણ જીવો. જી.”

ઠાકરની આંખમાં ઠળિયા ? ના, કેમેરા, કવિ-કેમેરા-લાભશંકરીય લય-મુદ્રાવાળા સૂક્ષ્મ લેન્સ ધરાવતો... આ કેમેરામાં ‘માણસ’ ઝિલાય, મનુષ્યની પીડા ઝિલાય, જીવનની વિ-સંગતિ ઝિલાય, ‘કલ્પનો ઝિલાય, રમ્ય લયઘોષ ઝિલાય, લખારી રૂપે મનોમુદ્રાઓ પણ ઝિલાય, અજનબી અગોચર પણ ઝિલાય, ‘આઉટ’ની સાથે “ઇન” પણ ઝિલાય, થડ તડકાનું ખડબચડું ઝિલાય, અંધકારની યોનિમાંથી સરકતો તડકીય ઝિલાય, તડકાનું ધોળું-પીળું થરકવુંય ઝિલાય ને ગાંધીજીની ટાલ પણ ઝિલાય, ઊંચાંનીચાં મકાનોની વાંકીચૂકી શેરીઓમાં ગાયબકરીની સાથે અથડાતા ને પછડાતા પડછાયાઝિલાય, ચુપકીદીએ લીધેલું ચાંદનીનું રૂપ ઝિલાય, દરિયાના જળરાશિમાં હલબલતો વિસ્તાર - ‘હું ઝિલાય, કાંઠા-ખડક પર જાળ નાખીને ઊંઘી ગયેલો ઈશ્વર ઝિલાય, તુષારના ટીપામાં બજતી મુરલિયા ઝિલાય, એક મનુષ્ય સ્ત્રીના પેટેથી અવતરતો હિટલર ઝિલાય તો પંચોતેર હજાર યહૂદીઓનું સ્થળાંતર પણ ઝિલાય, લઘરાનાં આંસુમાં પલળેલા શબ્દો ઝિલાય, લઘરાના કાનમાં મરી ગયેલ મચ્છર પણ ઝિલાય, ઉલેચાતો શબ્દ ઝિલાય, કવિ લઘરાજીનું ચિંતન ઝિલાય – (‘મને આપો. અમી-ની પ્યાલી, ઓ પ્યારા પ્રભુ / હું પી જવાનો છું નહીં તો પાપને,/પાપના પ્રાસે / શકું ખેંચી અનાદિ આપને), શબ્દની કાણી ડોલમાં છલકાતું ભરચક પાણી ઝિલાય, આંખ સામે સ્ટ્રિપ્ટીઝ કરતી કદલીફલ જેવી ભાષા ઝિલાય, કમોડ પર બેસીને થતું પ્રાજ્ઞપ્રક્ષાલન - ઉત્સર્જન ઝિલાય, ચાબુકની વ્યવસ્થાથી ચાલતો પથ્થરનો ઘોડોઝિલાય, મુતરડીના બ્રહ્મસરોવરમાં તરફડતા વંદાની મૂછોનો

ફરકાટ પણ ઝિલાય, ગોરી ગાગરડીમાં સોપારીના કટકા જેવી પોચી પડી જાય એવી પ્રજ્ઞાઝિલાય, શેરીમાં કૂતરાની જેમ રડતો પવન ઝિલાય... ... -

કેટકેટલું ઝિલાય ઠાકરની આંખમાંના હજાર હજાર સૂક્ષ્મ સર્જક-કેમેરામાં ? ને જે કંઈ ઝિલાય એનું એમની ભીતરના પ્રાજ્ઞ પ્રોસેસરમાં પ્રોસેસિંગ થાય, નિર્મમ નિભ્રન્તિ એડિટિંગ થાય ને પછી પ્રગટે કાવ્યઘોષાનાં કેવાં કેવાં રૂપો ! – હાથમાંના બરફના ગોળા સાથે અચાનક જમીન પર ગબડી જતો સમય, સમયનાં મેટફૉરિકલ ટપકાં, બ્રહ્મના ઈંડામાંથી ઊઘડતા સમયનું ટૅહોક ટૅહોક, નામને દરવાજે ખડો રહેલો બંગલો – રોધી શ્વાસ, અવરોધી નાશ; મારા રામને દરવાજે હરદમ ખડો રહેલો હું -અંધ – ભીતરના ભોગળ બંધ; વાગીશ્વરીના નેત્રસરોવરનું પાણી, સ્વચ્છ-સાફ-સાદા-સીધા શબ્દની શોધ, યાંત્રિકતાનો ધ્વનિ - યાનુ ત્રિફ તા યાન ત્રિક તા યાન ત્રિક તા, મનવગડામાં ખણકતી ઘૂઘરમાળ, ભૂખરી ચિંતાઓ ને સફેદ હંસ જેવાં સપનાંઓ, બહેરાશના કૂવામાં ઊંડે ઊંડે ઊછળતાં ટોળાં અવાજ ઘોંઘાટ, સફેદ પતાસાં જેવી ઊંઘો, વિશેષણની ચાદર ઓઢીને ઘસઘસાટ ઊંઘતો શબ્દ, ભાષાના કાદવમાં તરવા મૂકેલી કોરા કાગળની હોડી, હંસપક્ષીઓનાં પડખાંથી ચલાયમાન કમળો, સુકાયેલા સમુદ્રને ઊંચકીને જળાશયની શોધમાં ચાલતો કાચબો, શેરીમાં થરકતી વંધ્યાના ગભશિયની રિક્તતા, ખરબચડી કાળી દીવાલો પર એક પતંગિયું, કોણાર્કના નારીશિલ્પની ખંડિત યોનિમાં સખલનપૂર્વેની ઉત્કટતામાં તૂટું તૂટું થતો સમય, સાહેબ અને દાસ વચ્ચેની સરિયામ સડક પર અર્થભેર કચડાતી કીડીઓ, મા જેવું મધુર હાસ્ય કરતું મૃત્યુ, પાણીએ ધરેલાં ઘણાં રૂપો - અન્ન, વન, તન, મન... ધરતીની ભેખડ સાથે અથડાતો લાઠાઠનો સમય –

લગા ગાગા ગાગા –

ચૂરે-ચૂરા થઈ જતો લલલ લલગા –

વેરાઈને વિચ્છિન્ન થઈ જતો

પૃથ્વીના કરોડો કણ કણમાં ગાલ લલગા -

થાય છે, નીરખી રહીએ કાનથી લા.ઠા.ની વહી જતી આગળ કાવ્યઘોષા...

... 'પરબ' જૂન-જુલાઈ ૨૦૧૬

'લાભશંકર ઠાકર : કાવ્યાસ્વાદ વિશેષાંક'માંથી અંશત: